

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ધરી લ્યો ધીરજ થોડી, સોનેરી સવાર ઉગશે -*
*કાળાં આ વાદળની કોરે રૂપેરી કોર ફૂટશે -*
*તૂટશે ભૂંડી ભીંસ ભટકતા આ વાયરસની -*
*પરંપરા છે પ્રકૃતિની, હવે ગ્રહણ છૂટશે...*

### હાઈકુ

*પાડે ન લોગ,*
*જો શિસ્ત ને સંયમ -*
*... રોગ નો ભોગ...*

*સાવધાની જ,*
*છે એક હથિયાર -*
*કરો સામનો...*

### ચિંતન

**ન ખિદ્યતે નો વિષયૈ, પ્રમોદતે ન સજ્જતે નાપિ વિરજ્યતે ચ ।**
**સ્વસ્મિન્સદા ક્રીડતિ નન્દતિ સ્વયં નિરન્તરાનન્દરસેન તૃપ્તઃ ॥**

ઉપરોક્ત શ્લોક જીવનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

મુક્તિ એટલે શું ? એની પરિભાષા કઈ? એના વિશે અનેક મતમતાંતરો પ્રવર્તે છે. એ બધાં વાદ-વિવાદમાં પડ્યા વગર સીધી-સાદી ભાષામાં સમજાવવું હોય તો કહી શકાય કે, માયા અને અવિદ્યાના આવરણને કારણે આપણે પોતાના મૂળ સ્વરુપને ભૂલી ગયા છીએ. આવા અવિદ્યાગ્રસ્ત જીવાત્માને જ્ઞાનના પ્રકાશ દ્વારા પોતાના સ્વસ્વરુપમાં અખંડ સ્થતિ તેનું નામ મુક્તિ. એ જયારે આપણા પ્રત્યેક વ્યવહારમાં ઓતપ્રોત બને છે ત્યારે તે જીવનમુક્તિ કહેવાય છે. દેહનો વિલય થયા પછી તે જીવાત્માની વિદેહમુક્તિ કે મોક્ષ થતો હોય છે.

આવી જીવનમુક્ત વ્યક્તિના લક્ષણો ઉપરના શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે, આવી જીવનમુક્ત વ્યક્તિ પ્રતિકૂળ પરિસ્થિતિ પ્રાપ્ત થવાથી દુઃખી થતી નથી. અને અનુકૂળ વિષયો પ્રાપ્ત થવાથી આનંદિત થતી નથી. પ્રારબ્ધવશ આવી પડેલા ભોગોથી તે વિરક્ત થતી નથી અને આસક્ત પણ થતી નથી.

### સુવિચાર

- પોતાની દ્વારકા બનાવવી હોય તો જીતેલું મથુરા છોડવાનું સાહસ જોઈએ **- એસ. ભટ્ટાચાર્ય**
- દુનિયામાં બે સાચા જયોતિષી છે - મનની વાત સમજનારી મા અને ભવિષ્યને ઓળખનારા પિતા **- ભોલાભાઈ ગોલીબાર**
- માણસ છીએ તો કામો પણ ત્રણ-ચાર કરીએ, મીરાંને તડીપાર તો મ્હેતાને નાતબાર કરીએ, આપણે ક્યાં ભગવાન છીએ, એ જ અઘરું, ઈશુને મળે તો ફાંસી, ગાંધીને તો ઠાર કરીએ **- ભાસ્કર ભટ્ટ**
- ‘સારપ’ ખરેખર સારી લાગતી, પણ બહુ મોંઘી પડતી ચીજ છે **- હિતેન આનંદપરા**
- ફૂલ ઊઘડે એટલે ભમરો એની મેળે આવી ચડે **- રામકૃષ્ણ પરમહંસ**
- પાપ અને પારો કોઈ પચાવી શકતું નથી, પારો ફૂટી નીકળે, પાપનું ફળ પણ ભોગવવું પડે **- બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : આંતરડાના રોગમાં ખજુર ચાર-ચાર પેશી સવાર-સાંજ ખાવાથી રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મુલ્લા નસીરુદ્દીન હકીમ પાસે ગયા અને કહ્યું, ‘રોજ રાત્રે હું સુવા જાઉં ત્યારે મને એવું લાગે છે કે પલંગ નીચે કોઈ છે જે મને ડરાવા માગે છે. જાગીને જોઉં તો પલંગ નીચે કોઈ હોતું નથી. પછી હું મન મનાવા ફર્શ પર સૂઈ જાઉં છું ત્યારે એવું લાગે છે કે હવે કોઈ મારા પલંગ પર છે. આવું આખી રાત ચાલ્યા કરે છે. હકીમ સાહેબ આનો કોઈ ઈલાજ કરો.’ હકીમ કહે, ‘ચિંતા ન કરો. તમારે દર અઠવાડિયે મને તબિયત બતાવવા આવવું પડશે. અને આવું એક વર્ષ સુધી કરવું પડશે. દર વખતે તમારે મને ફી રુપે પચાસ અશરફી આપવી પડશે.’ ગરીબ મુલ્લાને આટલી મોંઘી સારવાર પોસાય તેમ ન હતું. મુલ્લા ઘરે ગયા. સાતેક દિવસ બાદ ફરી મુલ્લા હકીમને મળવા ગયા અને કહ્યું, ‘હવે મને તમારા ઈલાજની જરૂર નથી. હું જે પલંગ ઉપર સૂતો હતો એ પલંગના પાયા મારી પત્નીએ કાપી નાખ્યા એટલે પલંગ નીચે છુપાવવાની જગ્યા ન રહી. આમ મારી પત્નીએ મારી સમસ્યા ઉકેલી નાખી છે.’ ભાવાર્થ એ છે કે ઘણીવાર સમસ્યાનું સમાધાન સાવ હાથવગું હોવા છતાં આપણે કાગનો વાઘ કરીએ સમસ્યાનું મોટું સ્વરુપ આપી દઈએ છીએ. જો સમસ્યા પર શાંત ચિત્તે વિચાર કરીએ તો કોઈ વ્યવહારું ઉકેલ અચૂક મળી જાય છે.

# કોરોનાનો કેર ધીમી ગતિએ શમી જશે

**તંત્રીસ્થાનેથી...**

આખી દુનિયાને એનાં અદીઠ જડબાંમાં ઓરી રહેલો કોરોના ચીની ડ્રેગનથી ઓછો ભયંકર નથી. પરંતુ અન્ય દેશોની સરખામણીમાં ભારત પર એનો આક્રોશ ધીમો છે. આમાં પણ કુદરતી સંકેત જ વરતાય છે. સંશોધકોનાં પ્રારંભિક તારણોમાં યુરોપ-અમેરિકામાં કોરોના વાઈરસને ત્રણ આરા (સ્પાઈક) છે જયારે ભારતમાં મળી આવે પ્રજાતિ એ જ આરા વાળી હોઈ એ માનવકોશને એટલી મજબૂતાઈથી પકડી શકતું નથી. આમ જુઓ તો આ તારણ હાસ્યાસ્પદ લાગે કારણ કે ભારતમાં કોરોના તો વિદેશી પ્રવાસીઓ દ્વારા જ આયાત થયેલ છે તો પછી ત્રણ આરાવાળું કોરોના ભારતમાં આવી એક આરાવાળું શી રીતે બની ગયું ? પરંતુ મેડિકલ સાયંસ અને બાયોલોજિકલ સંશોધકો જે કહે તે માની લેવું પડે. એ સાચું કે અન્ય દેશોમાં જે ઝડપે કોરોનાનો કેર ફેલાઈ ગયો એની સરખામણીમાં આપણા દેશમાં ઘણી ઓછી ઝડપે ફેલાઈ રહ્યો છે. પ્રજામાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયું અને પરિશ્રમી પ્રજા જ નહીં બલકે સુરતના શેઠિયા પણ સરકારી આદેશની ઐસીતૈસી કરી સામટા ગામડે જવા નીકળી પડ્યા, જેથી થયેલ ભીડ પછી એ દિલ્હી-ઉત્તરપ્રદેશ સીમા પર હોય કે ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારના હાઈવેર પર - એથી કોરોના પર સકંજો કસવાની સરકારની વ્યૂહરચના જરૂર ખોરંભાઈ છે. વિદેશથી આવનારાએ પોતાનું ઈન્ફેકશન છુપાવવાની મૂર્ખતા કરીને જાતે જ મોત વહોર્યું જ, સાથે જ પરિવાર સહિત અનેક જણને આ ઈન્ફેકશન બક્ષિસમાં આપી દીધું. મહાનગરોમાં અને પાટનગરમાં વધુ ને વધુ સંખ્યામાં પોઝિટિવ કેસ એનું જ પ્રમાણ છે. ગૌમૂખમાં કોરોનાને મારવાની ક્ષમતા પુરવાર થાય ત્યારે ખરી, પરંતુ ગરમી જરૂર કોરોનાને અટકાવી શકે છે. ભારત પર સૂર્યદેવની અનહદ કૃપા છે. આશા રાખીએ કે સૂરજ વધુ તપે. ધર્મના નામે કોરોના પર કાબૂ ન મળી શકે. સરકારે શાણપણ વાપરીને ધાર્મિક સ્થાનો સીલ કર્યા છે. પરંતુ દિલ્હીની નિઝામુદ્દીન ઓલિયાની દરગાહમાં હજારો મુસલમાનો એકત્ર થયા જે પૈકી કેટલાક ખાડી દેશોના હતા, પરિણામે એમની મોટી સંખ્યા અસરગ્રસ્ત બની ગઈ છે. સરકાર પાસે, સવિશેષ કોઈ પણ લોકતંત્ર પાસે પ્રજા પર નિયંત્રણ લાદવામાં મર્યાદિત સાધનો અને રસ્તા હોય છે. અમેરિકા કોરોના ઈન્ફેકશનનું હબ બની ગયું હોવા છતાં ત્યાં સંપૂર્ણ લોકડાઉન નથી થઈ શક્યું. ટ્રમ્પને નજીકમાં જ આવી રહેલી ચૂંટણીની ચિંતા છે એટલે એ ન્યૂયોર્ક સહિતના પ્રદેશોને ‘કવોરન્ટાઈન’માં ફેરવી શકતા નથી. જાગ્રત ગવર્નરોએ પોતપોતાની સત્તા વાપરી છે. પરંતુ ભારતની જેમ ત્યાં પોલીસ ક્રૂર બની શકતી નથી. ચીનમાં એ જ પોલીસ ગોળી મારી શકે અને એની નોંધ સરખી ન લેવાય. કોરોનાથી થનાર મૃત્યુ પછીની અંતિમ ક્રિયા મુદ્દે પણ લોકશાહી દેશમાં ધાર્મિક પરંપરા વિરુદ્ધ નિર્ણય લેવાનું અઘરું બની જાય છે. મુસ્લિમ મહિલાને એના વિસ્તારમાં કબ્રસ્તાનમાં દફનાવા દેવા સામે ઊહાપોહ થયો ત્યારે નાછૂટકે અન્ય કબ્રસ્તાનમાં દસ ફૂટ ઊંડો ખાડો કરી એને દફનાવવી પડી. મહારાષ્ટ્ર સરકારે આ મુદ્દે હિંમત કરીને આદેશ જાહેર કર્યો છે. કોરોનાથી થનાર મૃત્યુ પછી એ મૃતદેહને બાળી મૂકવામાં જ શ્રેય છે - એને કોઈ પણ ધર્મસંપ્રદાયની વ્યક્તિ હશે તો પણ અગ્નિદાહ જ અપાશે. વિજ્ઞાન અને ધર્મ વચ્ચેના વિવાદમાં જયારે માણસના જીવનનો પ્રશ્ન ઊભો થાય ત્યારે પરંપરાઓ અને અંધશ્રદ્ધાઓ છોડવી પડે. લાખોની સંખ્યામાં દિલ્હીથી લઈ હૈદરાબાદ સુધીનાં મહાનગરોમાંથી મજૂરો સામૂહિક હિજરત કરી પોતપોતાના ગામ ભણી જઈ રહ્યાં છે. પોલીસની સમજાવટ કે મારઝૂડથી એમની હઠ ઓછી થતી નથી. ખરું જોતાં કેન્દ્ર સરકારે રાજયોને આગોતરી જાણ કરી આવા પરિશ્રમી લોકો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાની જરૂર હતી. વડાપ્રધાનને મજૂરોની માફી માગવી પડે છે, તે કેવી વિડંબના છે ! હજી દેશમાં ‘લોકલ ટ્રાંસમિશન’ તબક્કો જ ચાલે છે, એનું આશ્વાસન લઈએ.

# ખરેખર ગુરુ આવા જ હોય...



## નવાં કલેવર

નટવર હેડાઉ

એકવાર એક માણસને તેના બાળપણના શિક્ષક મળી ગયા. તેમને જોઈને ખુબ જ રાજીરાજી થઈ ગયો. શિક્ષકના વાળ સફેદ થઈ ગયા હતા. ખાદીનો ઝભ્ભો અને ધોતીમાં તેમને જોઈ પેલા માણસને ખૂબ જ આશ્ચર્ય થયું. ગુરુજી પાસે ગયો અને ચરણસ્પર્શ કરી પોતાનો પરિચય આપ્યો ત્યારે શિક્ષકે ખુબ જ પ્રેમપૂર્વક પૂછ્યું, ‘અરે, વાહ ભાઈ તું મારો વિદ્યાર્થી છે, હમણાં શું કરે છે. મને લાગે છે કે તું શિક્ષક બની ગયો હોઈશ.’

‘હાં, ગુરુજી હું શિક્ષક જ બની ગયો છું. પણ તેમાં તમારી ખુબ મોટી પ્રેરણા મને મળી છે. જયારે હું માત્ર સાત વર્ષનો હતો.’

તે શિક્ષકને બહુ આશ્ચર્ય થયું. તે બોલ્યા ‘ભાઈ, મને તો તારો ચહેરો પણ યાદ નથી આવતો. તે ઉંમરે તને કેવી પ્રેરણા મળેલી?’

પેલા માણસ કહેવા લાગ્યો, ‘જો તમને યાદ હોય તો જયારે હું ચોથા ધોરણમાં ભણતો હતો ત્યારે એક દિવસ સવાર સવારમાં મારી સાથે ભણતા એક છોકરાની ઘડિયાળ ચોરાઈ ગયાની ફરિયાદ તેણે તમને કરી હતી. તમે કલાસનો દરવાજો બંધ કરાવ્યો અને બધા વિદ્યાર્થીઓને કલાસના પાછળના ભાગે લઈ જઈ એક લાઈનમાં ઊભા રાખ્યા હતા.’

‘હાં, હવે થોડું થોડું યાદ આવે છે. પણ આ વાતને તો ઘણાં વર્ષો થઈ ગયા ખરું ને ?’

‘હાં, ગુરુજી, તે પછી તમે બધા વિદ્યાર્થીઓના ખિસ્સા તપાસ્યા હતા. મારા ખિસ્સામાંથી તમને ઘડિયાળ મળી ગઈ હતી. જે મેં જ ચોરી હતી. પરંતુ તમે તો બધાં જ વિદ્યાર્થીઓને આંખો બંધ રાખવા કહ્યું. જેથી કોઈને ખબર ન પડી કે ઘડિયાળ મેં ચોરી હતી. ગુરુજી તે દિવસે તમે મને શરમ અને અપમાનથી બચાવી લીધો હતો. અને આ બનાવ બન્યા પછી કયારેય તમે મારી સાથેના વ્યવહારમાં એવું લાગવા દીધું નહોતું કે મેં ખોટું કામ કર્યું છે. તમે કંઈ પણ કહ્યા વગર મને માફ કરી દીધેલ અને બીજા વિદ્યાર્થીઓ મને ચોર કહેતા તેમાંથી બચાવી લીધો.’

આ સાંભળી શિક્ષકે કહ્યું, ‘બેટા, એ તો મને પણ ખબર નથી કે ઘડિયાળ કોણે ચોરી હતી.’

પેલા માણસે કહ્યું, ‘ના ગુરુજી, એવું કંઈ રીતે બને ? તમે ખુદ તમારા હાથે ચોરાયેલી ઘડિયાળ મારા ખિસ્સામાંથી કાઢી હતી.’

શિક્ષકે કહ્યું, ‘બેટા, હું જયારે બધાના ખિસ્સા ચેક કરતો હતો, ત્યારે મેં બધાને પોતાની આંખો બંધ રાખવા કહ્યું અને મેં પણ એમ જ કરેલું. મેં પોતે પણ મારી આંખો બંધ કરી રાખી હતી.’

પેલો માણસ તો આ વાત સાંભળી કૃતકૃત્ય થઈ ગયો. તેની આંખમાં હર્ષનાં આંસુ છલકાઈ આવ્યાં. ગુરુજીએ તેના વાંસામાં ધબ્બો મારી ખુશી વ્યક્ત કરી અને તે આગળ વધી ગયા.

પેલો માણસ હજુ વિચારતો હતો કે ખરેખર ગુરુ હોય તો આવા. જેને મને શરમજનક સ્થિતિમાંથી તો ઉગારી લીધો છતાં મારી એ નબળાઈ તેમને ખબર પડી જવા છતાં જાણે કંઈ બન્યું જ નથી એ રીતે મને તેનો આભાસ પણ થવા ન દીધો.

તે પોતાના એ શિક્ષકને જતા જોઈ રહ્યો જયાં સુધી તે દેખાતા રહ્યાં ત્યાં સુધી અને પછી ધીમે પગલે ચાલતો થયો.

# રિશ્તો મે કુછ ભી કરલો, કુછ ના કુછ તો છૂટ હી જાતા હૈ



## આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

એક યુવાન પોતાના દાદીને ખૂબ જ વહાલ કરે. એક મોટા શહેરમાં રહેતા કુટુંબમાં એ યુવાન, તેના માતા-પિતા, નાની બહેન અને વૃધ્ધ દાદી. યુવાન એક આઈટી કંપનીમાં સારા એવા હોદ્દા ઉપર નોકરી કરે. યુવાનના માતા-પિતા તો દાદીની સેવા ચાકરી કરે જ, પણ યુવાન પણ તેમાં ક્યારેય પાછી પાની ન કરે. પોતાના માં-બાપ કરતાં વધારે સેવા એ યુવાન કરે પોતાના દાદીની. એ યુવાન હંમેશા પોતાના દાદીની દરેક વાતમાં, ‘હા’ માં હા અને ‘ના’ માં ના નો સૂર પુરાવે. દાદીમાની દરેક ઈચ્છા પૂરી કરવા માટે એ યુવાન હંમેશા તલપાપડ હોય. માંદે-સાજે દાદીની દવાદારૂ માટે એ યુવાન જ દોડાદોડી કરે. બચપણથી જ એ યુવાન દાદીમાના ખોળામાં મોટો થયો. દાદીમા તેની પહેલી મા હતી. તેથી જ તેમના પ્રત્યે વિશેષ પ્રેમ અને વહાલ. દાદીમા પણ એ યુવાનને એટલો જ પ્રેમ કરે, એટલું જ વહાલ કરે.

દાદીમા તંદુરસ્ત હતા. રોજ બે-ત્રણ કિલોમીટર ચાલતા. દેવદર્શને પણ પોતે ચાલીને જ જતાં. પોતાનું કામ પોતે જ કરવાનો આગ્રહ રાખતા. કોઈ જ પ્રકારની કાયમી બીમારી દાદીમાને વળગી શકી ન હતી. નિયમિત જીવન, નિયમિત આહાર, નિયમિત પ્રભુભજન અને નિયમી વાંચન.

એક દિવસ દાદીમાએ યુવાનને પોતાની એક ઈચ્છા વ્યક્ત કરી. દાદીમાએ કહ્યું પોતાને ચારધામની યાત્રા કરવી છે. યુવાને હૈયાધારણ આપી કે થોડા દિવસમાં જ યાત્રાનું આયોજન કરી લઈશું અને એવું પણ કહ્યું કે યાત્રાએ સહકુટુંબ જઈશું. યુવાનની રાજાઓનું, ટીકીટનું, હોટેલ બૂકિંગ વગેરેનું આયોજન થતું હતું એ દરમ્યાન યુવાનને પોતાની કંપનીના કોઈ અર્જન્ટ કામ અર્થે એક મહિનો વિદેશ જવાનું થયું. દાદીમાએ કહ્યું કે કઈ વંધો નહીં, તું વિદેશથી આવ પછી યાત્રાનું ગોઠવશુ. યુવાન વિદેશ ગયો. એ દરમ્યાન એક દિવસ અચાનક દાદીને છાતીમાં દુઃખાવો ઉપડયો. દાદીમાને હોસ્પીટલમાં દાખલ કર્યા. યુવાનને જાણ કરી. યુવાન વિદેશથી પરત આવે એ પહેલા જ દાદીમાનું પ્રાણપંખેરૂ ઊડી ગયું. યુવાન દાદીમાનો મૃત ચહેરો પણ જોવા ન પામ્યો.

માનવીય જીવનની વિટંબણાઓ એવી છે, માનવીય સંબંધોના ગેબી રહસ્યો એવા છે કે વ્યક્તિ પોતાના પ્રિયપાત્ર માટે જીંદગીભર ગમે એટલું કરી છૂટે, પણ આખરે કઈક ને કઈક તો છૂટી જ જતું હોય છે. કઈક ને કઈક તો ચૂકી જ જવાતું હોય છે. પેલા યુવાને પોતાના દાદીમા માટે જીવનભર બધુ જ કર્યું છતાં છેલ્લી ઘડીએ કઈક છૂટી ગયું. યુવાન પોતાના દાદીમાને ચારધામની યાત્રા ન કરવી શક્યો. યુવાન પોતાના દાદીમાનો મૃત ચહેરો પણ જોવા ન પામી શક્યો. આવી પરિસ્થિતી ઊભી થાય છે ત્યારે પ્રિયપાત્ર માટે વ્યક્તિએ જીવનભર જે કઈ કર્યું હોય તેના સંતોષ કરતાં જે ચૂકી જવાયું હોય, જે કરવાનું છૂટી ગયું હોય તેનો અફસોસ, તેની વેદના વધારે રહી જતી હોય છે. એ પણ જીવનભર.

આપણે સૌ સંબંધો ઉપવનમાં રહીએ છીએ, જીવીએ છીએ. આ ઉપવનનો દરેક છોડ, દરેક વૃક્ષ, દરેક વેલ, અન્ય છોડ, વેલ કે વૃક્ષના સંબંધોથી ઘેરાયેલા છે, વળગેલા છે. આપણે આ બધા જ સંબંધો સાથે વિવિધ પ્રકારે જોડાયેલા છીએ, સંકળાયેલા છીએ. ક્યાંક એ સંબંધો લોહીના છે, ક્યાંક કૌટુંબિક છે, ક્યાંક સામાજીક છે, ક્યાંક વ્યવસાયિક છે, ક્યાંક ઔપચારિક છે તો ક્યાંક અનૌચારિક છે. જે કોઈ પ્રકારના એ સંબંધો હોય, સંબંધો આખરે સંબંધો છે.

આપણાં ઘણાબધા સંબંધો એવા હોય છે કે જેને આપણી ઈચ્છા હોય છતાં બધા જ સંબંધોને એક સાથે માણી શકતા નથી. બધા જ સંબંધોને એકસાથે માણવાની વાત તો એકબાજુ રહી, એક જ સંબંધમાં પણ આપણે એકસાથે બધુ જ માણી શકતા નથી-આપણી તીવ્ર ઈચ્છા હોવા છતાં પણ.

આપણે આપણાં દરેક સંબંધને લઈને, એ સંબંધ થકી આનંદ માણવા વિષે, એ સંબંધી માટે કઈક ને કઈક કરી છૂટવા માટે વિચારતા રહેતા હોઈએ છીએ. આપણે માત્ર વિચારતા જ નથી, તેના માટે આયોજન પણ કરતાં હોઈએ છીએ અને આયોજનનો અમલ કરવા માટે પ્રયત્ન પણ કરતાં હોઈએ છીએ. અમલ કરવા માટે સન્નિષ્ઠા પ્રયત્ન કરવા છતાં વિચારેલું અને આયોજન કરેલું બધુ જ અમલમાં મૂકી શકાતું નથી, અમલમાં મૂકીએ તો સફળ થઈ શકતા નથી. હૃદયથી પ્રયત્નો કરવા છતાં કઈક ને કઈક છૂટી જ જતું હોય છે. જે કોઈ છૂટી જતું હોય છે તેનો રંજ આપણાં સંબંધીને રહી જાય તેના કરતાં કદાચ વધારે રંજ આપણને રહી જતો હોય છે. એ રંજ ક્યારેક કાયમ માટે રહી જતો હોય છે.

સંબંધોમાં ઘણુંબધુ કરવા છતાં કઈક ને કઈક છૂટી જતું હોય છે તેનું કારણ શું? આમ જોઈએ તો ઘણા બધા કારણો હોય શકે જેની છણાવટ કરવા જઈએ તો પાર ના આવે. ક્યારેક એવું પણ બને કે કારણ શોધવા જઈએ તો કદાચ એક પણ કારણ ના પણ મળે.

સંબંધો વધુને વધુ માણવાની આપણી ઈચ્છાની તીવ્રતા, પ્રિયપાત્ર માટે થાય એટલું બધુ જ કરી છૂટવાની આપણી ભાવના, તેના માટે કશું જ ચૂકી ન જવાય એવી વધુ પડતી કાળજી, અને ક્યારેક આપણાં ગજા બહારની આપણી ઈચ્છાઓ અને પ્રયત્નો. આ બધા કારણોને લીધે કઈક છૂટી જતું હોય છે. આપણાં મનની ખ્વાહીશો આપણાં મનમાં જ રહી જતી હોય છે.

આ જ મુદ્દાને આપણે બીજા દ્દષ્ટિકોણથી વિચારીએ. આપણાં સંબંધોમાં બધુ જ કરી છૂટવા માટે આપણે દ્રઢનિશ્ચયી હોઈએ, બધુ જ કરી છૂટવા માટે બધા જ પ્રયત્નો કરીએ, નિષ્ઠાથી પુરુષાર્થ કરીએ, કોઈ જ પ્રકારની કચાસ રાખ્યા વિના સતત ઝઝૂમીએ છતાં કઈક ચૂકી જઈએ છીએ. આપણે જે ચૂકી જઈએ છીએ તેનો વસવસો પેલા યુવાનની જેમ જીંદગીભર રહી જતો હોય છે. કઈક ચૂકી જવાની એ વેદના, એ ટીસ ક્યારેક મૃત્યુ પર્યંત આપણને કોરી ખાતી હોય છે.

જે કોઈ સંબંધી માટે આપણે કઈક ચૂકી ગયા હોઈએ, ત્યારબાદ એ સંબંધી આપણી સાથે જોડાયેલા હોય કે ના હોય, એ સંબંધી જીવિત હોય કે ના હોય, જે પળ ચૂકી ગયા એ પાછી આવવાની નથી જ. જો એવું હોય તો પછી ચૂકી ગયા તેનો અફસોસ શા માટે? આપણે સંબંધી ઘણું બધુ કર્યું હોય તેનો આનંદ માણવાને બદલે જે ચૂકી ગયા તેનો જિંદગીભરનો વસવસો શા માટે? એ અફસોસ, એ દર્દ, એ પીડા એ ટીસને કારણે ક્યારેક એવું બની શકે કે સંબંધીઓ માટે કઈક કરી છૂટવાની અન્ય પળો પણ આપણે ચૂકી જતાં હોઈએ છીએ.

આપણે જે કઈ કરી શક્યા તેની સ્મૃતીઓને વાગોળીને તેનો આનંદ માણીએ, જે કઈ કરી શકીએ તેના માટે પ્રયત્નશીલ રહીએ અને જે કઈ ચૂકી ગયા હોય તેને ભૂલી જવા માટે પ્રયત્ન કરીએ તો જ સંબંધોના સાચા આનંદને આપણે માણી શકીએ. સાથે સાથે એક સત્ય પણ સ્વીકારી લઈએ કે રિશ્તોમેં કુછ ભી કરલો, કુછ ના કુછ તો છૂટ હી જાતા હૈ.

# ઈશ્વર શું માત્ર સંકટ સમયે યાદ આવતી ઘટના છે ?



## જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

કલિયુગના આજના વિશ્વમાં પ્રતિદિન નવી નવી સમસ્યાઓ અને અરુચિકર મુંઝવણો સતત આવતી જ રહે છે. હાલમાં તો ચીનના વુહાન શહેરમાથી જે વ્યાધિ કે ઉપાધિ જે દુનિયામાં વ્યાપક થઈ છે તે કોરના વાયરસથી માનવ સમુદાય ભયભીત થયો છે. ચીન ખુદ અતિ પરેશાન છે. કેટલાક રાષ્ટ્રોમાં જાનહાનિ વિશેષ થઈ છે ઘણી બધી હવાઈસેવાઓ બંધ થઈ છે બધા જ મીડિયા માધ્યમો ઉપર અવનવી માહિતી પ્રસ્તુત થઈ રહી છે ! આપણા દેશના અર્થતંત્ર ઉપર પણ અસર થઈ રહી છે અને પ્રજાની અંદર મૃત્યુ અંગે એક ડર ઊભો થયો છે. દવાઓ માસ્ક વગેરેના કાળા બજાર પણ શરૂ થયા અથવા અછતની સ્થિતિ ઊભી થઈ છે. માનવ જીવનમાં પ્રશ્નો નડે જ નહીં તેવી કોઈ ખાત્રી કશેથી મળી શકતી નથી, વાસ્તવમાં જીવનની સમસ્યાઓ હલ કરવામાં, પ્રયાસમાં જીવન વિતે અને ત્યાં જીત મળે તો જીવન આનંદનો અહેસાસ થતો હોય છે. મુશ્કલીઓ, મહામારીઓ મુંઝવણો આત્મવિશ્વાસને ઉત્પન્ન કરે છે અને વિકાસની રાહ કયાં છે તે પણ દર્શાવી જાય છે. જીવન પ્રત્યે વ્યક્તિની જોવાની દૃષ્ટિ ઉપર બધો આધાર હોય છે. ઘણા વાત વાતમાં ઈશ્વર ને અથવા નસીબને દોષ આપવાની ટેવ ધરાવતા હોય છે. લોકો પ્રથમ તો સામે આવી પડેલી સ્થિતિનો સહજ સ્વીકાર કરવાની માનસિકતા જ રાખતા નથી ! બધું આપણું મનગમતું બન્યા કરે એ જીવન કદી હોતું જ નથી. હું સંભાળી લઈશ ને બધું સારું થઈ જશે - તેવો વિશ્વાસ પ્રતિદિન કમ થઈ રહ્યો છે. જાતને ચાહવામાં જ માણસ પુષ્કળ પ્રમાણમાં હાર્યો છે. સ્વયં ઉપરની શ્રદ્ધા એ આત્મવિશ્વાસ કહેવાય છે તેની અછત છે તો સૃષ્ટિના સર્જક ઉપર પણ દિલથી કોઈ નક્કર શ્રદ્ધા નથી તેથી ભગવાન મદદ કરશે તેવી ભાવના પણ ઊભી થતી નથી !! સૈફ પાલનપુરીનો શૅર સુંદર છે.

કોણ આવ્યું હશે
વર્ષો પછી મળવા ?
સાવ અજાણ્યો છે પગરવ
જૂઓ ઈશ્વર તો નથી ને ?

ભાવ વિશ્વમાં જીવતા સમાજમાં હૃદયની ભાવના અવશ્ય જોઈએ લાગણી નથી તો જીવનનો કોઈ સાચો ઉમંગ પણ નથી.

હવે ચિંતન એ બાબતે કરવાનું છે કે ઈશ્વર આખરે શું છે ? ઈશ્વર આશાનું કિરણ છે કે શ્રદ્ધાની શક્તિ છે કે દુઃખના સમયે યાદ કરવાનું પ્રચલિત માન્યતાપૂર્ણ બહાનું છે કે આ ઈશ્વર આખરે છે શું? સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ, પાલન, પ્રલણ અને પ્રબંધન જે શક્તિ કરી રહી છે જે નિરંજન - નિરાકાર છે એ પ્રત્યેક પ્રાણીમાં વસે છે ઉપરાંત એ શક્તિ નિર્ણાયક છે તે ઈશ્વર અજર અમર અને સનાતન છે જે માનવ કે અન્ય પ્રાણી પાસેથી કોઈ અપેક્ષા કરી રાખતા નથી તેમાં શ્રધ્ધા થાય સ્નેહ થાય કે અમાપ આત્મિયતા ઊભી થાય ત્યારે ઈશ્વર ખુદ એ વ્યક્તિનું દુન્યવી દુઃખ દૂર કરી જાય ! સુખ અને દુઃખના ખ્યાલો સાપેક્ષ છે સ્થળ, કાળ, વય, જાતિ, આવક વગેરે સાથે સતત બદલાયા કરે છે જેમાં માણસે ધૈર્ય રાખી સ્વયંનું જે કર્મ છે તે કરતા રહેવું જોઈએ. ભરત વિંઝૂડાનો એક શૅર બહુ જ સમજવા જેવો છે.

નથી જાણવા મલ્યા કે નથી જોવા
ઈશ્વર અહીં બધાને ધારવા મળ્યાં

ઈશ્વરનું સ્થાન અન્ય કોઈ લઈ શકતું નથી. સંકટ સમયે દુઃખની વેળા હોવાથી પ્રથમ ‘મા’ યાદ આવે કે જેણે જન્મ દીધો છે પછી શ્રદ્ધાની જયારે દિલથી શરુઆત થાય ત્યારે પોકાર ઉઠે છે દુઃખભંજક તારણહારની સહાયતા માટે પ્રાર્થના થાય છે કે જે છેવટે પ્રાર્થના કર્તાની આંતરિક શક્તિને પ્રબળ કરે જ છે. આમ ઈશ્વર એ દર્શન આપ્યા વિના મદદ કરતો રહે છે. આત્મા એ જ અંદર રહેલો ઈશ્વરીય અંશ છે. હું આત્મા છું એ ભાવના રાખીને જીવવાની વાત જ વિસરાઈ રહી છે. ઓશો કહે છે કે જે દિવસે તમને એ અનુભવ થશે કે બધી દોડ વ્યર્થ છે એ દિવસે તમે એવી જગ્યા પર ઊભા રહી જાઓ છો જ્યાં - પરમાત્મા છે. ઈશ્વરની કૃપા માટે સમજણ અને દૃષ્ટિ બંને જરૂરી છે.

વો તૈરતે તૈરતે ડૂબ ગયે
જિન્હે ખુદ પર ગુમાન થાય
ઔર વો ડૂબતે ડૂબતે ભી તૈય ગયે
જિન પર તું મહેરબાન થા...

મેળવવાની પ્રબળ ઈચ્છા અને ખોવાઈ જવાનો ડર એ અંતે પ્રાર્થના અને સમર્થ શક્તિના પ્રણેતા એવા ઈશ્વર તરફ વ્યક્તિ ને લઈ જાય છે છતાં ઈશ્વર કશું ગમતા નથી તેની રહેમત કે કૃપા અવિરત અને અમાપ હોય છે.

ઈશ્વરનાં કૃપાપાત્ર બનવા માટે જીવતા જીવતા પ્રયાસો કરવા જોઈએ. મને મળેલું દુઃખ કોઈને ના મળે અને મને પ્રાપ્ત થયેલું સુખ બધાને મળે એ ભાવનાથી ઈન્સાનિયત ટકી જાય અને ઈશ્વર પણ રાજી થાય કારણ કે ઈશ્વરના સાચા પ્રતિનિધિ બનવાની ચેષ્ટા એ જ ખરી ભક્તિ કહેવાય છે ! આનંદનો ખજાનો આપણી ભીતર છે અને દરેક વસ્તુઓમાં સુખની શોધ કરવી એ વ્યર્થ છે. બસ આટલું સમજાય તો જીવનમાં બોજ નહીં પણ મોજ છે. ઈશ્વર હશે ચાલો ને માની લઈએ એ કોઈક દિવસ ખપ લાગશે આવી શ્રદ્ધા એ અંતે કશું જ પ્રદાન કરે નહીં. જીવનશૈલી વિકૃત થઈ ચૂકી છે. માટે સારા-નરસાના ભેદ ઢંકાઈ ગયા છે. કપડા બદલવાથી કે વેશ પલટો કરવાથી વૈરાગ્ય આવી જતો નથી, યોગદાનથી પરિવર્તન કે સુખ ઊભું થાય છે.

વસંતોનો ક્રમ ગોઠવ્યો છે જેમણે
એ પોતે સદા પાનખરમાં રહ્યા.

ઈશ્વર હંમેશા હરક્ષણ જીવન સાથે રહે તો આપણી હાંક તેને સત્વરે સંભળાય છે એ કદી સંકટ સમયે યાદ કરવાની કોઈ ઘટના નથી.

**શેર આસ્વાદ :**

**હું સવાર ને સાંજ વચ્ચે દોડતો રહ્યો**
**અને મને એમ કે હું જીવતો રહ્યો !**